# હિસાબ નિયામકશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

## -: પરિપત્ર :-

**વિષય: નવા ERP Software ના ઓપનિંગ બાબતે રાખેલ મિટિંગમાં હાજર રહેવા બાબત.**

આ યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે યુનિવર્સિટીની નાણાકીય કામગીરી ચોકસાઇ પૂર્વક અને સરળતાથી થઈ શકે તે માટે અને સરકારશ્રીના ઈ-ગવર્નન્સના ભાગ રૂપે નવા **ERP Software** વિકસાવવામાં આવેલ છે, જેમાં **Account, HRMS** તથા તેને લગતા અન્ય મોડ્યુલ કાર્યરત કરી દેવામાં આવેલ છે, ચાલુ માસ ઓગસ્ટ-૨૧નું પગારબિલ પણ નવા **ERP Software** દ્વારા જ રજૂ કરવા દરેક કચેરીને જાણ કરી દેવામાં આવેલ છે.

યુનિવર્સિટીની હિસાબી, વહીવટી અને તાંત્રિકને લગતી તમામ પ્રકારની કામગીરી નવા **ERP Software** મારફત જ થાય તે માટે વધુને વધુ મોડ્યુલ ઉમેરવાની જરૂરિયાત ઉપસ્થિત થશે, જેથી ભવિષ્યના સુચારું આયોજન માટે તથા ઉમેરવાના થતાં નવા મોડ્યુલ બાબતે આ યુનિવર્સિટીના દરેક કચેરી વડા સાથે ચર્ચા-વિચારણા કરી ભવિષ્યની નીતિ નક્કી કરવા તેમજ હાલમાં તૈયાર થયેલ **Account, HRMS**ના મોડયુલના સરળ અમલીકરણ માટે દરેક કચેરીના વડાશ્રીઓની એક દિવસીય મિટિંગનું આયોજન નીચે મુજબ કરવામાં આવેલ છે, તો સદર મિટિંગમાં **કચેરી વડાશ્રીએ** ભવિષ્યના આયોજન બાબતેના સુઝાવ સાથે મિટિંગમાં સમયસર અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે

| | | |
|---|---|---|
| **તારીખ અને સમય** | : | **તા: ૩૧-૦૮-૨૦૨૧ (સમય: સવારે ૧૧.૦૦ કલાકે)** |
| **સ્થળ** | : | **Examination Hall, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી** |

## -: કાર્યક્રમની રૂપરેખા :-

| **સમય** | **વિગત** |
|---|---|
| ૧૧:૦૦ થી ૧૧:૧૦ | દીપ પ્રાગટ્ય |
| ૧૧:૧૦ થી ૧૧:૨૦ | મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત |
| ૧૧:૨૦ થી ૧૧:૪૦ | ઇઆરપી સોફ્ટવેરના **Financial** તથા **HRMS** મોડ્યુલનું વિમોચન |
| ૧૧:૪૦ થી ૧૨:૦૦ | ઇઆરપી સોફ્ટવેરના ભવિષ્યના સુચારું આયોજન માટે ઉમેરવાના થતાં અન્ય મોડ્યુલ માટેની ચર્ચા |
| ૧૨:૦૦ થી ૧૨:૩૦ | શ્રી ડી. ટી. ચૌધરી, હિસાબ નિયામકશ્રીના વિદાય કાર્યક્રમ |
| **૧૨:૩૦** | **ભોજન (સ્થળ: પાર્કિંગ બ્લોક, ન. મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી)** |

સદરહુ પરિપત્ર આ કચેરીની ફાઇલ ઉપર માન.કુલપતિશ્રીની મંજૂરી મેળવી બહાર પાડવામાં આવે છે.

**હિસાબ નિયામક**

---

**જા.નં. ન.કૃ.યુ/હિનિ/બજેટ-૩/૭૧૭૧-૭૨/૨૦૨૧** **તા.૨૬-૦૮-૨૦૨૧**

**નકલ જયભારત સાથ રવાના :**

(1) આ યુનિવર્સિટીના તમામ કચેરી વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારું.

(2) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ તેમજ માન.કુલપતિશ્રીને ધ્યાને મૂકવા વિનંતી.